સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

ભાદરવા સુદ - ૧૧ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

એકલા છો તો વિચારો પર નિયંત્રણ રાખો, અને સૌની સાથે છો તો જીભ પર નિયંત્રણ રાખો!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૯૦ ● તારીખઃ ૨૨.૦૯.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# બંગાળની ખાડીમાં લો પ્રેશર સર્જાતા હવામાનમાં ફેરફારની શક્યતાઃ 'અર્નબ' વાવાઝોડું બનવાની વકી

## પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્રપ્રદેશ પર અસરની શક્યતા, બુધવારથી શુક્રવાર દરમિયાન ભારે વરસાદની આગાહી

**સમય સંદેશઃ નવીદિલ્હી**

બંગાળની ખાડીમાં ફરી એકવાર હવામાનમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. ઉત્તરીય અંદમાન સમુદ્ર અને પૂર્વ-મધ્ય બંગાળની ખાડીમાં દબાણનું ક્ષેત્ર એટલે કે લો પ્રેશર બની રહ્યું છે, જે ગઈકાલે સોમવારે વધુ મજબૂત બન્યું હતું. આ સિસ્ટમ આગળ વધીને ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાશે કે નહીં તે અંગે હાલ સ્થિતિ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી. જો આ સિસ્ટમ ચક્રવાતમાં ફેરવાશે તો તેનું નામ 'અર્નબ' રાખવામાં આવશે. હાલ આ સિસ્ટમ પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધી રહી છે અને આવતીકાલે બુધવારે સવારે બંગાળની ખાડીના મધ્ય તથા ઉત્તરીય ભાગ તરફ પહોંચવાની શક્યતા છે.

આ સંભવિત હવામાન સિસ્ટમની અસર પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં જોવા મળી શકે છે. જોકે, ભારતીય હવામાન વિભાગ તરફથી હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર એલર્ટ કે ચક્રવાત અંગેની આખરી જાહેરાત કરવામાં આવી નથી. હવામાન વિભાગ દ્વારા આ લો પ્રેશર સિસ્ટમની ગતિવિધિઓ અને દિશા પર સતત અને બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે. પશ્ચિમ બંગાળમાં આ સિસ્ટમની અસર ચાલુ અઠવાડિયાના શુક્રવાર સુધી રહેવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. ગઈકાલે સોમવારે વરસાદનું પ્રમાણ ઓછું રહ્યું હતું, પરંતુ આજથી જ રાજ્યમાં વરસાદની ગતિમાં વધારો થવાની સંભાવના છે. દબાણનું ક્ષેત્ર ઉત્તર


અનુ પાના નં.૨ પર

# સોમનાથ મંદિર, સીએમ ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ કાર્યાલયોને બોમ્બથી ઉડાવી દેવાની ઈમેલથી ધમકી

## દેશવિરોધી નારાઓ લખી ગુજરાતની શાંતિ ડહોળવાનો પ્રયાસ, ધમકીભર્યા મેઈલ બાદ સુરક્ષા એજન્સીઓ એક્શન મોડમાં

**સમય સંદેશઃ ગાંધીનગર**


ગુજરાતમાં ફરી એકવાર મહત્વપૂર્ણ સંસ્થાઓ, રાજકીય નેતાઓ અને ધાર્મિક સ્થળોને ઈમેલ મારફતે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર રાજ્યના પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે. ગઈકાલે અજાણ્યા શખ્સ દ્વારા મોકલવામાં આવેલા આ શંકાસ્પદ ઈમેલમાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગાંધીનગર સ્થિત ભાજપ પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', ખાનપુર સ્થિત ભાજપ કાર્યાલય તેમજ તમામ પોલીસકર્મીઓ અને ગુપ્તચર એજન્સી 'રો'ને નિશાન બનાવવાની ચિંતાજનક ધમકી આપવામાં આવી છે.



મળતી માહિતી મુજબ, આ ધમકીભર્યા ઈમેલની શરૂઆતમાં 'અસલામુ વાલેકુમ' અને 'અલ્લાહુ અકબર' જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, ઈમેલમાં અલગ-અલગ મહત્વપૂર્ણ લોકેશન્સ પર અગાઉથી જ બોમ્બ પ્લાન્ટ કરી દેવાયા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. પત્રમાં દહેશત ફેલાવવાના હેતુથી 'હિન્દુસ્તાન મુર્દાબાદ', 'BJP મુર્દાબાદ', 'પાકિસ્તાન ઝિંદાબાદ' અને 'ખાલિસ્તાન ઝિંદાબાદ' જેવા દેશવિરોધી સૂત્રોચ્ચાર પણ લખવામાં આવ્યા હતા. ધમકી મળતાં જ ગુજરાત પોલીસ, બોમ્બ ડિટેક્શન

અનુ પાના નં.૨ પર

# એશિયન ગેમ્સમાં ભારતીય પુરુષ ટેબલ ટેનિસ ટીમે પાકિસ્તાનને ૩-૦થી હરાવીને ક્લીન સ્વીપ મેળવી



**સમય સંદેશઃ નવીદિલ્હી**

એશિયન ગેમ્સમાં ભારતીય એથ્લેટ્સનું શાનદાર પ્રદર્શન યથાવત રહ્યું છે. ગઈકાલે રમાયેલી મેન્સ ટેબલ ટેનિસ ઈવેન્ટમાં ભારતીય પુરુષ ટીમે પાકિસ્તાનને એકતરફી મુકાબલામાં ૩-૦થી હરાવીને દમાસદાર ક્લીન સ્વીપ મેળવી હતી. આ અગાઉ ભારતીય મહિલા ટીમે પણ પાકિસ્તાનને કારમો પરાજય આપ્યો હતો, ત્યારે પુરુષ ટીમે પણ એ જ સફળતાનું પુનરાવર્તન કરીને પાકિસ્તાન સામે ક્ષેત્રમાં પોતાનું સંપૂર્ણ વર્ચસ્વ સાબિત કર્યું છે. ગ્રુપ-F હેઠળ રમાયેલા આ મુકાબલામાં કુલ ૫ મેચો રમાવાની હતી, પરંતુ ભારતીય ખેલાડીઓએ શરૂઆતની ત્રણેય મેચો જીતીને બાજી પોતાના નામે કરી લીધી હતી. પ્રથમ મેચમાં ભારતના અનુભવી ખેલાડી હરમીત દેસાઈએ પાકિસ્તાનના મોહમ્મદ ખાનને ૧૧-૪, ૧૧-૩ અને ૧૧-૫થી પરાજય આપી ભારતને ૧-૦ની સરસાઈ અપાવી હતી. ત્યારબાદ બીજા મુકાબલામાં જી. સાથિયાન જ્ઞાનશેખરને પાકિસ્તાનના અબ્બાસ ખાનને સીધા સેટમાં ૧૧-૧, ૧૧-૮ અને ૧૧-૯થી માત આપીને ટીમની લીડ ૨-૦ કરી દીધી હતી.

અનુ પાના નં.૨ પર

# ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણને વેગ આપવા છઈંનો મોટો નિર્ણયઃ FPIs માટે KYC નિયમો કરાયા સરળ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભારતીય નાણાકીય બજારોમાં વિદેશી મૂડીરોકાણના પ્રવાહને પ્રોત્સાહન આપવા અને રોકાણકારો માટે અમલદારશાહીની અડચણો દૂર કરવાના હેતુથી ભારતીય રિઝર્વ બેંકે ગઈકાલે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રિઝર્વ બેંકે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો માટે 'નો યોર કસ્ટમર' પાલનના નિયમોને નોંધપાત્ર રીતે સરળ બનાવી દીધા છે. 'RBI સુધારા નિર્દેશો, ૨૦૨૬' હેઠળ જાહેર કરાયેલી આ નવી નીતિ અનુસાર, હવે ભારતીય બેંકો વિદેશ સ્થિત ભારતીય દૂતાવાસ, વિદેશી નોટરી, કોર્ટ મેજિસ્ટ્રેટ કે સ્થાનિક બેંક અધિકારીઓ દ્વારા ચકાસાયેલા KYC દસ્તાવેજોની મૂળ પ્રમાણિત નકલો સીધી જ સ્વીકારી શકશે. આ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં DILR કચેરીના વર્ગ-૩ના કર્મચારીઓ અનિશ્ચિત મુદતની હડતાળ પરઃ જમીન માપણી સહિતની કામગીરી ઠપ

## ગ્રેડ-પે સુધારણા સહિતના પ્રશ્નો ન ઉકેલાતા ૬૭ કર્મચારીઓ લાલબંગલા પરિસરમાં ધરણા પર બેઠા, અરજદારો અને ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા




**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં ઇન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ કચેરીના વર્ગ-૩ના કર્મચારીઓએ પડતર માંગણીઓના ઉકેલ માટે આરપારની લડાઈ શરૂ કરી છે. ગ્રેડ-પે સુધારણા સહિતની વિવિધ માંગણીઓ અંગે તંત્ર દ્વારા કોઈ યોગ્ય ઉકેલ ન લાવવામાં આવતાં, ગઈકાલે સોમવારથી જામનગર શહેર અને જિલ્લાની કચેરીઓમાં ફરજ બજાવતા વર્ગ-૩ના તમામ ૬૭ કર્મચારીઓ અનિશ્ચિત મુદતની હડતાળ પર ઉતરી ગયા છે. તમામ કર્મચારીઓ લાલબંગલા પરિસરમાં આવેલી કચેરી પાસે એકઠા થયા હતા અને ધરણા પર બેસીને સરકાર સામે ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો.

કર્મચારી મંડળ દ્વારા પોતાની માંગણીઓ સંદર્ભે તા. ૧૧ ઓગસ્ટથી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન આવેદનપત્ર પાઠવીને ૩૦ દિવસમાં પ્રશ્નોનું નિરાકરણ લાવવા રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ સકારાત્મક નિર્ણય ન આવતાં, કર્મચારીઓએ તા. ૧૧ થી ૧૮ સપ્ટેમ્બર સુધી કચેરીમાં હાજર રહીને 'પેનડાઉન' વિરોધ નોંધાવ્યો હતો અને શનિવારે માસ સી.એલ. (સામૂહિક રજા) પર ઉતરી ગયા હતા. આટલા વિરોધ પ્રદર્શનો છતાં પણ સરકાર કે વડી કચેરી દ્વારા કોઈ ઉકેલ ન લાવવામાં આવતાં આખરે ગઈકાલથી તમામ કર્મચારીઓએ કામગીરીથી અલિપ્ત રહીને અચોક્કસ મુદતની હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. DILR કચેરીના કર્મચારીઓ એકસાથે અનિશ્ચિત મુદતની હડતાળ પર ઉતરી જતાં જામનગર શહેર અને જિલ્લાની તમામ કચેરીઓમાં સરકારી કામકાજ ઠપ થઈ ગયું છે. જમીન માપણી, પ્રોપર્ટી કાર્ડ, રી-સર્વે,

અનુ પાના નં.૨ પર

# સોનિયા ગાંધી મતદાર યાદી કેસ : રિવિઝન અરજી દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે મંજૂર કરી



**સમય સંદેશઃ નવીદિલ્હી**

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી સામે ૧૯૮૦ની મતદાર યાદીમાં ગેરકાયદેસર રીતે નામ ઉમેરવાના આરોપસર દાખલ કરાયેલી રિવિઝન અરજીને દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે મંજૂર કરી છે. સ્પેશિયલ જજ વિશાલ ગોગનેએ નીચલી મેજિસ્ટ્રેટ કોર્ટના તે આદેશને રદ કરી દીધો છે જેમાં સોનિયા ગાંધી સામે એફઆઈઆર નોંધવાની માગ કરતી અરજી ફગાવી દેવામાં આવી હતી. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે સોનિયા ગાંધીને ૩૦ એપ્રિલ, ૧૯૮૩ના રોજ ભારતનું નાગરિકત્વ મળ્યું હતું. તો પછી ૧૯૮૦ની નવી દિલ્હીની મતદાર

અનુ પાના નં.૨ પર

# સુઈગામમાં 'ગુજ્જુ લવ ગુરુ' ચંદન રાઠોડને શ્રદ્ધાંજલિ આપવા લોકકલાકારોનો કાફલો ઉમટી પડ્યો

## વિક્રમ ઠાકોર, વિજય સુવાળા અને રાકેશ બારોટે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા, વિહોતર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પરિવારને ૫૧ હજારની સહાય



**સમય સંદેશઃ ગાંધીનગર**

ખ્યાતનામ કલાકાર 'ગુજ્જુ લવ ગુરુ' એટલે કે સ્વર્ગસ્થ ચંદન રાઠોડના અચાનક થયેલા અવસાન બાદ સમગ્ર રાજ્યમાં અને તેમના ચાહકોમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે. સુઈગામ સ્થિત તેમના નિવાસસ્થાને સતત ચોથા દિવસે પણ સ્વ. ચંદન રાઠોડને આખરી શ્રદ્ધાંજલિ આપવા અને પરિવારજનોને સાંત્વના પાઠવવા માટે ચાહકો તથા અગ્રણીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. ગઈકાલે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ અને લોકસંગીતના જાણીતા કલાકારોનો મોટો કાફલો સ્વર્ગસ્થના ગૃહનિવાસે પહોંચ્યો હતો.

શ્રદ્ધાંજલિ આપવા પહોંચેલા કલાકારોમાં લોકપ્રિય અભિનેતા વિક્રમ ઠાકોર, વિજય સુવાળા અને લોકગાયક રાકેશ બારોટ સહિતના અનેક કલાકારો સામેલ હતા. ચંદન રાઠોડના નિવાસસ્થાને પહોંચીને રાકેશ બારોટ અત્યંત ભાવુક થઈ ગયા હતા. તેમણે પોતાના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે, માત્ર ૧૦ મિનિટની મુલાકાતમાં જ ચંદનના નિખાલસ સ્વભાવનો

અનુ પાના નં.૨ પર

# દરિયાઈ પર્યાવરણના જતન અર્થે ઓખા અને રોજી બંદર ખાતે બીચ સફાઈ અભિયાનઃ અઢી ટનથી વધુ કચરો એકત્ર કરાયો

## કોસ્ટ ગાર્ડ અને મનપા સહિત વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા અભિયાનમાં વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો અને અધિકારીઓ ઉત્સાહભેર જોડાયા









**સમય સંદેશઃ જામનગર**

આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સફાઈ દિવસની ઉજવણી અને દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ માટે હાલાર પંથકના સાગરકાંઠે વ્યાપક સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત કોસ્ટ ગાર્ડ જિલ્લા મુખ્યાલય દ્વારા ઓખાના સીજી બીચ ખાતે વિશાળ દરિયાકાંઠા સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેનું ઉદ્ઘાટન મુખ્ય મહેમાન વિક્રાંત દેવરસ (સાઇટ એન્ડ મેન્યુફેક્ચરિંગ હેડ, ટાટા કેમિકલ્સ, મીઠાપુર) અને ડો. પ્રભાકરન પાલેરી (ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલ, ભારતીય કોસ્ટ ગાર્ડ)ના હસ્તે કરાયું હતું. ''સ્વચ્છ સાગર, સુરક્ષિત તટ''ના સંદેશ સાથે ઓખા, જખૌ, વાડીનાર અને મુંદ્રા સહિતના ૮ કિલોમીટરના વિસ્તારમાં ચલાવાયેલા આ અભિયાનમાં કોસ્ટ ગાર્ડ, મરીન પોલીસ, સ્થાનિક શાળાઓના વિદ્યાર્થીઓ અને નાગરિકોએ મળીને માત્ર બે કલાકમાં ૮૨૦ કિલો કચરો એકત્રિત કરી નિકાલ અર્થે નગરપાલિકાને સોંપ્યો હતો.

બીજી તરફ, જામનગર નજીક આવેલા રોજી બંદર ખાતે ચૈતન્ય ચેરિટેબલ ટ્રસ્ટ, મનપાના સોલિડ વેસ્ટ ડિપાર્ટમેન્ટ, વિદ્યાસાગર ઇન્ફોટેક કોલેજ, જીપીસીબી અને

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

# યુપીઆઈ વ્યવહારો !

સરકારે યુપીઆઈ વ્યવહારો પર વેરો લાગુ કરવો પડ્યો, કારણ કે યુપીઆઈ નેટવર્ક ચલાવવા માટે વાર્ષિક વીસ હજાર કરોડ રૂપિયાનો બોજ પડે છે. યુપીઆઈ સાથે જોડાયેલ બેંકોની સંખ્યા ૪૪ થી વધીને ૭૦૩ થઈ ગઈ છે. દેશમાં લગભગ ૫૫૦ મિલિયન લોકો યુપીઆઈનો ઉપયોગ કરી રહ્યા છે. આજના સમયમાં, સાયબર સુરક્ષા, છેતરપિંડી નિવારણ, માળખાગત સુવિધાઓ અને નવીનતા માટે સતત નવાં રોકાણોની જરૂર પડે છે. આવી સ્થિતિમાં, ૨,૦૦૦ રૂપિયાથી વધુ મૂલ્યના વ્યવસાયિક વ્યવહારો માટે મર્યાદિત મોડેલ બેંકો અને ચુકવણી પ્રદાતાઓ માટે ટકાઉ આવક પ્રવાહ બનાવી શકે છે. જોકે, વાસ્તવિકતા એ છે કે સરકાર ફક્ત વેપારીઓ પર લાગુ કરી રહી હોવા છતાં, ખર્ચ વધવાની સાથે, વેપારીઓ ભાવ વધારા દ્વારા નો બોજ ગ્રાહકો પર નાખશે. તેથી, યુપીઆઈ સેવાઓ અંગે નિયમનકારી સમિતિએ સ્પષ્ટતા અને પારદર્શિતાના આધારે નિર્ણય લેવો જોઈએ. વ્યક્તિઓ વચ્ચેના વ્યવહારો મફત રહે અને ૨,૦૦૦ રૂપિયાની મર્યાદામાં ફેરફાર ન થવો જોઈએ. આજે, યુપીઆઈ સિસ્ટમ તેની ઝડપી, સસ્તી અને સાર્વત્રિક ચુકવણી સુવિધાને કારણે ભારતમાં એક મુખ્ય આર્થિક શક્તિ બની ગઈ છે. તેથી, સરકારે એક એવું મોડેલ વિકસાવવું જોઈએ જે ડિજિટલ ચુકવણીઓને લોકો માટે અનુકૂળ અને સુલભ રહે. યુપીઆઈ વ્યવહારો માટે જાહેર કરવામાં આવેલ દર્શાવે છે કે કેવી રીતે રાજકીય પરિબળો આર્થિક લાભોને નબળા પાડી શકે છે. રાજકીય વિરોધનો સામનો ન કરવો પડે તે હેતુથી ભારતીય રાષ્ટ્રીય ચુકવણી નિગમ દ્વારા જાહેર કરવામાં આવેલ દરનું માળખું ખૂબ જ જટિલ બનાવી દેવામાં આવ્યું છે. ૧૫ ઓક્ટોબરથી નવા દરો વેપારીઓ પાસે રૂપિયા ૨,૦૦૦ કે તેથી વધુની ચૂકવણી પર જ લાગુ થશે. આમ તો, ચાર્જ કુલ યુપીઆઈ વ્યવહારોના લગભગ ૨.૫ ટકા સુધી જ મર્યાદિત રાખવામાં આવ્યો છે, જે આવકાર્ય મર્યાદા છે. પરંતુ તેની અંદર નિયમોમાં અલગ-અલગ શ્રેણીઓ બનાવવામાં આવી છે. એક લાખ રૂપિયા કરતાં ઓછું માસિક ટર્નઓવર ધરાવતા નાના વેપારીઓ પાસે કરવામાં આવતા યુપીઆઈ વ્યવહારો પર કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં. કેટલાક આવશ્યક ક્ષેત્રોમાં પ્રવૃત્તિ કરતા વેપારીઓને કરવામાં આવતી ચૂકવણી પર અન્ય ક્ષેત્રોની જેમ ૦.૪ ટકા ચાર્જ નહીં, પરંતુ નિશ્ચિત લાગુ પડશે. રૂપિયા ૨,૦૦૦થી વધુના મૂડીબજાર સંબંધિત વ્યવહારો માટે અલગ સ્લેબ લાગુ થશે. સ્પષ્ટપણે, આ નિયમો તીવ્ર રાજકીય પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા છે.




# ભણગોરમાં કૂવામાં પડેલા ધણખુંટને ઉગારી લેવાયો

## લાલપુર વછરાજ ગૌશાળા અને ભાણવડ એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટની સેવા પ્રવૃત્તિ





**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ નજીક આવેલા ભણગોર ગામના વાડી વિસ્તારમાં ગત રાત્રિના સમયે આશરે ૬૦ ફૂટ ઊંડા એક અવાવરુ કૂવામાં એક ધણખૂટ (નંદી) ખાબક્યો હતો. આ અંગેની જાણ થતાં વાડી માલિકે તાત્કાલિક લાલપુર સ્થિત શ્રી વછરાજ ગૌશાળા અને ભાણવડના એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટનો સંપર્ક કર્યો હતો. કૂવામાં પડેલો નંદી અત્યંત ભયભીત અને આક્રમક હોવા છતાં, બંને સંસ્થાઓના ગૌસેવકોએ પોતાના જીવના જોખમે કૂવામાં ઊતરીને સાહસિક કામગીરી હાથ ધરી હતી. ગઈકાલે આશરે પાંચેક કલાકની લાંબી અને કડક જહેમત બાદ આ ધણખૂટને સુરક્ષિત રીતે બાંધી, એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટની અત્યાધુનિક હાઇડ્રોલિક એનિમલ એમ્બ્યુલન્સની મદદથી કૂવા બહાર કાઢી નવજીવન આપવામાં આવ્યું હતું. બંને સંસ્થાઓના ગૌસેવકોની આ ઉત્કૃષ્ટ અને સરાહનીય કામગીરીને ગ્રામજનોએ મુક્તકંઠે બિરદાવી હતી.

# દ્વારકા જીલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ



**સમય સંદેશઃ દ્વારકા**

ખંભાળિયામાં જિલ્લા સેવા સદન ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યસભા સાંસદ જીતેન્દ્રભાઈ કણઝારીયા તથા ધારાસભ્ય મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં પ્રવર્તમાન સમયમાં વરસાદની ઘટના પરિણામે ખંભાળિયામાં પાણીની સમસ્યા, એસ.ટી. રૂટ, ચેકડેમ વિગેરેને લગતા વિવિધ પ્રશ્નો અંગે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા કરાઈ હતી.

ઉપરાંત કલેકટર રાજેશ તન્નાએ પદાધિકારીઓ દ્વારા રજૂ કરાયેલા જનહિતલક્ષી પ્રશ્નોને પ્રાથમિકતા આપી તેનો યોગ્ય ઉકેલ લાવવા પર ભાર મૂક્યો હતો. ઉપરાંત, અછતને લીધે ઘાસચારાના વિતરણ, સેવા સંકલ્પ અભિયાનમાં જનભાગીદારી સુનિશ્ચિત કરવા અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે.પી. જોશી, નિવાસી અધિક કલેક્ટર એમ.વી. દેસાઈ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક એચ.પી. જોષી તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ અને સ્થાનિક પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકાધીશ મંદિરની ઓકટો. માસની ધ્વજાજીનો ડ્રો યોજાયો



**સમય સંદેશઃ દ્વારકા**

યાત્રાધામ દ્વારકા સ્થિત જગત મંદિર પર આરોહણ થનારી તત્કાલ ધ્વજાજીના ઓક્ટોબર માસના યજમાન નક્કી કરવા માટેનો જાહેર ડ્રો રવિવારે બ્રહ્મપુરી નંબર-૨ ખાતે યોજાયો હતો. ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા આયોજિત આ ડ્રો પ્રક્રિયા વૈષ્ણવો, ભક્તો, તીર્થ પુરોહિતો, કારોબારી સભ્યો, મધ્યસ્થ સભાના સભ્યો, સલાહકાર સમિતિના સભ્યો તેમજ સામાજિક કાર્યકરોની ઉપસ્થિતિમાં પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી હતી.

ધ્વજાજીના ડ્રો માટે અગાઉ જ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. નિયત પ્રક્રિયા મુજબ જાહેરમાં ડ્રો યોજી ઓક્ટોબર માસ માટેના ધ્વજાજીના યજમાન પસંદ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિના પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, મંત્રી કપિલભાઈ વાયડા સહિત જયદીપભાઈ ઠાકર, ભાર્ગવભાઈ ભટ્ટ, હેમલભાઈ દવે, દિવ્યાંગભાઈ ઠાકર, નૈનેશભાઈ વાયડા, આશિષભાઈ, મિથિલેશભાઈ વાયડા અને નારણભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

# હોમગાર્ડઝ દ્વારા ખંભાળીયાના ખામનાથ મંદિરે સફાઈ અભિયાન




**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા હોમગાર્ડ દ્વારા રવિવારે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ખંભાળિયા હોમગાર્ડ યુનિટના સહયોગથી અહીંના ખામનાથ મહાદેવ મંદિર પટાંગણમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ સંદીપભાઈ ખેતિયાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તમામ હોમગાર્ડઝ જવાનોને સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ જવાનોએ મંદિર પરિસર અને આસપાસના વિસ્તારમાં સફાઈ કરી હતી.

# જમીન દફતર નિરિક્ષક કચેરીના વર્ગ-૩ના કર્મચારીઓએ પાળી સામૂહિક રજા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની જમીન દફતર નિરીક્ષક (ડીએલઆર) કચેરીના વર્ગ-૩ના કર્મચારીઓએ પોતાની લાંબા સમયથી પેન્ડિંગ માંગણીઓના ઉકેલ માટે આંદોલનાત્મક અભિગમ અપનાવ્યો છે. જામનગર જિલ્લાના લેન્ડ રેકોર્ડ શાખાના આશરે ૬૭ જેટલા કર્મચારીઓ દ્વારા તબક્કાવાર કાર્યક્રમો આપીને સતત વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે, રાજ્ય મંડળની સૂચના અનુસાર ગઈકાલે શનિવારે તમામ કર્મચારીઓ એકસાથે માસ સામૂહિક રજા (સી.એલ.) પર ઉતરી ગયા હતા અને વિરોધ નોંધાવ્યો હતો.

કર્મચારીઓની એકસાથે ગેરહાજરીના કારણે ડીએલઆર કચેરીના રૂમ ખાલીખમ જોવા મળ્યા હતા અને દૈનિક કામગીરી સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી. સરકારી કામકાજ અટકી પડવાના કારણે વિવિધ મહેસૂલી કામો તેમજ જમીન માપણી અર્થે દૂર-દૂરથી આવેલા અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મંડળના પ્રમુખ ચંદ્રેશ નકુમે જણાવ્યું હતું કે કર્મચારીઓની મુખ્ય માંગણી ગ્રેડ-પે સુધારણા અંગેની છે. જો તંત્ર દ્વારા આ માંગણીઓનો તાત્કાલિક અને યોગ્ય ઉકેલ લાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

**નામ સુધારેલ છે**

આથી જાહેર કરવામાં આવે છે કે મેં મારા નામમાં સુધારો કર્યો છે; હવે મારું નામ 'સિંહ સ્વયંપ્રકાશ'થી બદલીને 'સ્વયંપ્રકાશ' કર્યું છે, હવેથી હું આ નામે ઓળખાઈશ.

**સરનામું**

બંસીધારી સિંહ, પ્લોટ નં.૧૯(અ), ગાયત્રી મંદિર રોડ, એરફોર્સ સ્ટેશન ૧ રોડ પાસે, ડિગ્જામ વૂલન મિલ, ડિફેન્સ કોલોની જામનગર શહેર. પોસ્ટ ઓફિસ ખોડિયાર કોલોની, જિલ્લોઃ જામનગર, ગુજરાત - ૩૬૧૦૦૬.

## અનુસંધાન

### છ શખ્સો ઝડપાયા

(પાના નં. ૪ થી આગળ)

ખેરાભાઈ વઘોરા અને મનસુખ લાલજીભાઈ ડગરા નામના છ શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂ. ૬૩,૫૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૩૦,૦૦૦ ની કિંમતના ૪ નંગ મોબાઈલ ફોન રૂપિયા ૪૦ હજારની કિંમતના બે મોટરસાયકલ વિગેરે મળી, કુલ રૂ. ૧,૩૩,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી, જુગારધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

કલ્યાણપુર પોલીસની કાર્યવાહીમાં ભોગાત ગામના વાડી વિસ્તારમાંથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા લખુ ડાડાભાઈ મુન, અરવિંદ કરમણભાઈ મુન, માલીબેન લાખાભાઈ લુણા અને હિરબાઈબેન માયાભાઈ લુણા નામના ચાર વ્યક્તિઓને રૂ. ૧,૪૮૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

### જમીન માપણી, જમીન

(પાના નં. ૩ થી આગળ)

ત્વરિત અને હકારાત્મક નિકાલ લાવવા તથા વિવિધ સરકારી યોજનાઓના કામોને પ્રાધાન્ય આપી સમયમર્યાદામાં પૂર્ણ કરવા કડક સૂચના આપી હતી. બેઠકમાં ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ દ્વારા માર્ગ સલામતી, બસ સ્ટેન્ડની સુવિધા, રાષ્ટ્રીય ધોરીમાર્ગનું વળતર, રમતગમતના મેદાનો, નવા વીજ જોડાણો, માછીમારોના ડીઝલ કાર્ડ, આવાસ યોજનાના હપ્તા, જમીન માપણી અને પીવાના પાણીની સુવિધા જેવા વિવિધ પ્રશ્નો રજૂ કરાયા હતા. જ્યારે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ રી-સર્વે માપણીની ભૂલો સુધારવા, પીવાના પાણીની ટાંકીઓ, ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક, ચેકડેમ સમારકામ અને સૌની યોજના અંતર્ગત પાણી પહોંચાડવા જેવા મુદ્દાઓ પર ધ્યાન દોર્યું હતું. ઉપરાંત, ધારાસભ્ય હેમંતભાઈ ખવા દ્વારા રોડ-રસ્તાના કામો, ગૌચર જમીન માપણી, ગ્રામતળના પ્લોટની ફાળવણી તેમજ શાળાઓમાં એક્ટિવિટી કીટ અને સ્પોર્ટ્સ સાધનો ફાળવવા અંગેના પ્રશ્નો ચર્ચાયા હતા.

કલેક્ટરે ધારાસભ્યો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો અને લોકરજૂઆતોને પ્રાથમિકતા આપી ઝડપથી કામો પૂર્ણ કરવા નિર્દેશ આપ્યા હતા. આ સાથે જ મહેસૂલ, પાણી પુરવઠા, આરોગ્ય, શિક્ષણ, માર્ગ-મકાન અને પંચાયત જેવા વિભાગોની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રંજનબેન જીવાણી, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ અને સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### કચરા ગાડીમાં

(પાના નં. ૩ થી આગળ)

સામે કડક દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જો કોઈ નાગરિક જાહેરમાં કચરો કે ગંદકી ફેંકતા માલૂમ પડશે, તો તેમનો સ્થળ પર જ ફોટો પાડીને કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આટલું જ નહીં, આવા નિયમભંગ કરનારા નાગરિકોના ફોટા અને કાર્યવાહીની વિગતો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેર જનતા સમક્ષ પ્રસિદ્ધ કરવામાં આવશે. જામનગરને સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે પાલિકાએ તમામ નાગરિકો પાસે પૂર્ણ સહયોગની અપેક્ષા વ્યક્ત કરી છે.

### જિલ્લામાં ઝાપટા

(પાના નં. ૩ થી આગળ)

ગઈકાલે રાત્રે વીજળીના ગડગડાટ અને પવન સાથે ભારે ઝાપટાં પડ્યા હતા. વરસાદના કારણે શહેરમાં લાંબો સમય વીજ પુરવઠો ખોરવાઈ જતાં નગરજનોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ગઈકાલે રાત્રે દ્વારકામાં ૪ મી.મી. અને કલ્યાણપુરમાં ૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. અત્યાર સુધીમાં ભાણવડ તાલુકામાં ૮ ઈંચ, ખંભાળિયામાં ૬ ઈંચ, દ્વારકામાં સાડા પાંચ ઈંચ અને કલ્યાણપુરમાં ૩ ઈંચ સાથે જિલ્લામાં મોસમનો કુલ સરેરાશ વરસાદ સાડા પાંચ ઈંચ (૧૩૮ મી.મી.) નોંધાયો છે. ગઈકાલે સવારથી વાતાવરણ ચોખ્ખું રહ્યું હતું અને સૂર્યનારાયણના દર્શન થયા હતા.

### દરિયાઈ પર્યાવરણ

(પાના નં. ૧ થી આગળ)

મરીન નેશનલ પાર્કના સંયુક્ત ઉપક્રમે બીચ સફાઈ તથા જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જામનગર મનપાના મેયર મોનિકાબેન વ્યાસ, દંડક પ્રવિણાબેન રૂપડિયા, શાસક પક્ષના નેતા અમરભાઈ મોદી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણી તથા ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેરની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.

આ તકે જીપીસીબીના આસિસ્ટન્ટ સાયન્ટિસ્ટ જીલ પટેલ દ્વારા ઉપસ્થિત સૌને પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અને પર્યાવરણ જાળવણી માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા. વિજ્ઞાન ગુર્જરી, વિવિધ કોલેજો તેમજ વન વિભાગની ટીમોના સહયોગથી રોઝી પોર્ટ રોડ પરથી પ્લાસ્ટિક સહિત આશરે બે ટન જેટલો કચરો એકત્ર કરી ટ્રેક્ટર મારફતે લેન્ડફિલ સાઈટ ખાતે મોકલવામાં આવ્યો હતો.

### અનિશ્ચિત મુદતની હડતાળ

(પાના નં. ૧ થી આગળ)

દિશા અને પ્લોટ માપણી, રિમાન્ડ તેમજ હક્કચોકસીના કેસ સહિતની અત્યંત મહત્વપૂર્ણ કામગીરી સંપૂર્ણપણે ખોંભવાઈ ગઈ છે. કચેરીઓમાં કામકાજ અટકી પડવાના કારણે પોતાના મહેસૂલી અને જમીનને લગતા કામો અર્થે આવેલા દુર-દૂરના ખેડૂતો, પક્ષકારો અને સામાન્ય અરજદારોને ધર્મના ધક્કા ખાવાનો વારો આવ્યો છે, જેના કારણે અરજદારોમાં ભારે રોષ અને અસંતોષની લાગણી ફેલાઈ છે.

### 'અર્નબ' વાવાઝોડું

(પાના નં. ૧ થી આગળ)

આંધ્રપ્રદેશના કિનારા અને દક્ષિણ ઓડિશા તરફ પણ આગળ વધી રહ્યું હોવાનું હવામાન નિષ્ણાતો જણાવી રહ્યા છે.

આજથી પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારોમાં ઝડપી વરસાદનો દોર શરૂ થઈ શકે છે, જ્યારે બુધવારથી શુક્રવાર સુધી ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી છે. આ દરમિયાન ગાજવીજ સાથે ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. ખાસ કરીને દક્ષિણ ૨૪ પરગણા, પૂર્વ મિદનાપુર, પશ્ચિમ મિદનાપુર, પશ્ચિમ વર્ધમાન, બીરભૂમ, મુર્શિદાબાદ, પુરુલિયા અને ઝારગ્રામ જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવનાને પગલે તંત્ર એલર્ટ મોડ પર છે.

### ભારતીય શેરબજાર

(પાના નં. ૧ થી આગળ)

નિર્ણયથી ગ્લોબલ ઇન્વેસ્ટર્સને ભારતમાં ફરીથી દસ્તાવેજો પ્રમાણિત કરાવવાની જંઝટમાંથી મુક્તિ મળશે અને પ્રક્રિયાગત વિલંબ ઘટતા કેપિટલ માર્કેટમાં પ્રવેશ સુગમ બનશે.

### એશિયન ગેમ્સ

(પાના નં. ૧ થી આગળ)

ત્રીજી અને નિર્ણાયક મેચમાં ભારતના યુવા ખેલાડી પાયસ જૈને દમદાર ફિનિશિંગ કરતાં મોહમ્મદ ખાનને ૧૧-૪, ૧૧-૩ અને ૧૧-૫થી પરાજિત કરીને ભારતની ૩-૦થી શાનદાર જીત પાકી કરી હતી. હરીફાઈથી ભરેલા આ મુકાબલામાં મેદાન પર ઉત્કૃષ્ટ ખેલદિલી પણ જોવા મળી હતી; મેચ પૂર્ણ થયા બાદ પાયસ જૈન અને પાકિસ્તાની ટીમના ખેલાડીઓએ નેટ પાસે એકબીજા સાથે ઉષ્માભેર હાથ મેળવીને રમત ભાવનાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### ઈમેલથી ધમકી

(પાના નં. ૧ થી આગળ)

એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS), ડોગ સ્ક્વોડ અને ક્રાઈમ બ્રાંચ સહિતની ગુપ્તચર એજન્સીઓ ત્વરિત હરકતમાં આવી ગઈ હતી. સોમનાથ મંદિર સંકુલ અને ભાજપ કાર્યાલયો સહિતના સંવેદનશીલ સ્થળોએ સઘન ચેકિંગ અને સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. પ્રાથમિક તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી, છતાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ હાઈકોર્ટ અને શાળાઓને આવી ખોટી ધમકીઓ મળી ચૂકી છે, જેથી હાલ સાયબર ક્રાઈમ સેલ દ્વારા આ ઈમેલ કયા ઈંડ એડ્રેસ પરથી મોકલવામાં આવ્યો છે તેની ટેકનિકલ તપાસ ચલાવવામાં આવી રહી છે.

### સોનિયા ગાંધી

(પાના નં. ૧ થી આગળ)

યાદીમાં તેમનું નામ કયા દસ્તાવેજોના આધારે અને કેવી રીતે સામેલ કરવામાં આવ્યું હતું? અરજીમાં એવો પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે શું આ માટે કોઈ બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને ૧૯૮૨માં તેમનું નામ મતદાર યાદીમાંથી કેમ હટાવવામાં આવ્યું હતું.

સ્પેશિયલ જજે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે મેજિસ્ટ્રેટ કોર્ટના અગાઉના આદેશમાં કાનૂની ક્ષતિઓ હતી. તેમાં નિર્ણય પાછળના સ્પષ્ટ કારણો આપવામાં આવ્યા ન હતા. કોર્ટે અરજદારને એફઆઈઆર નોંધવાની માગણી સાથે ફરીથી મેજિસ્ટ્રેટ કોર્ટનો સંપર્ક કરવાની મંજૂરી આપી છે. આ કેસની આગામી સુનાવણી ૨૯ સપ્ટેમ્બરના રોજ યોજાશે.

### 'ગુર્જુ લવ ગુરુ'

(પાના નં. ૧ થી આગળ)

પરિચય થઈ ગયો હતો. તેમણે ઉમેર્યું હતું કે ચંદન પ્રત્યેના પ્રેમને કારણે જ આજે આટલી મોટી સંખ્યામાં પ્રજા અને તેમના ચાહકો અહીં ઉમટી પડ્યા છે. આ પ્રસંગે વિહોતર ગ્રૂપના રાષ્ટ્રીય અધ્યક્ષ જીવરાજ આલ પણ ખાસ સુઈગામ પહોંચ્યા હતા અને સ્વ. ચંદન રાઠોડને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. કલાકારના પરિવારને આર્થિક ટેકો આપવાના હેતુથી વિહોતર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પરિવારને રૂપિયા ૫૧ હજારની આર્થિક સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ મુશ્કેલ સમયમાં તમામ કલાકારોએ પરિજનો સાથે રહીને તેમની દુઃખની ઘડીમાં સહભાગી થવાની ખાતરી આપી હતી.

# પશ્ચિમ એશિયામાં તણાવ વચ્ચે ટ્રમ્પ અને ઈરાની પ્રમુખ પેઝેશ્કિયાન વચ્ચે ન્યૂયોર્કમાં મુલાકાતના સંકેત

**સમય સંદેશઃ ડેસ્ક**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાર્તાના સંકેત મળ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકમાં ભાગ લેવા માટે ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન ન્યૂયોર્ક પહોંચી રહ્યા છે, જેને પગલે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈશારો કર્યો છે કે તેઓ આ અઠવાડિયે ઈરાની રાષ્ટ્રપ્રમુખ સાથે મુલાકાત કરવા માટે તૈયાર થઈ શકે છે.

# જામનગરમાં ખાણીપીણીની ૧૧૮ પેઢીઓમાં તપાસઃ ૩૦૩ કિલો અખાદ્ય ખોરાકનો નાશ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરીજનોના આરોગ્ય સાથે થતા ચેડાં અટકાવવા માટે ગઈકાલે શહેરના તમામ મુખ્ય વિસ્તારોમાં સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમે ખોડિયાર કોલોની, દિગ્વિજય પ્લોટ, પ્રદર્શન મેદાન, ગુલાબનગર, હવાઈ ચોક અને લાલપુર બાયપાસ સહિતના વિસ્તારોમાં આવેલી હોટલ-રેસ્ટોરન્ટ, ફરસાણની દુકાનો અને રેકડીઓ મળી કુલ ૧૧૮ પેઢીઓમાં તપાસ કરી હતી. આ કામગીરી દરમિયાન જુદા જુદા સ્થળોએથી મળી આવેલો ૩૦૩ કિલો વાસી તથા અખાધ્ય ખોરાક અને ૧૦ કિલો તેલનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ખાદ્ય સામગ્રી પેકિંગ માટે વપરાતી ૫૯ કિલો પ્રિન્ટેડ પસ્તીનો પણ ટીમ દ્વારા નાશ કરાવાયો હતો.

આ દરોડા દરમિયાન અસ્વચ્છતા અને અનહાઇજેનિક પ્રેક્ટિસ જણાતાં ફૂડ વિભાગે ૧૯ પેઢીઓને કુલ ₹૭૭,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે ટીમે કુલ ૮૩ નમૂનાઓ એકત્ર કર્યા હતા, જેમાંથી ૭૨ સેમ્પલ ઢીંચડા ખાતે ચકાસણી અર્થે મોકલવામાં આવ્યા છે, જ્યારે ૧૧ નમૂનાને વધુ ગહન લેબોરેટરી ટેસ્ટિંગ માટે વડોદરા મોકલાયા છે. મનપાની આ આકસ્મિક કાર્યવાહીથી ભે ભેળસેળિયા અને અસ્વચ્છતા રાખતા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# જમીન માપણી, જમીન સંપાદન વળતર સહિતના પ્રશ્નો જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિમાં ઉઠયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યાના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે ગઈકાલે જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં અગાઉની બેઠકની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી તેમજ વિવિધ વિભાગોને લગતી રજૂઆતો, અરજીઓ અને લોકપ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કલેક્ટરે તમામ સંબંધિત અધિકારીઓને પ્રજાકીય પ્રશ્નોનો

અનુ પાના નં.૨ પર



તસવીરઃ હિરેન ગાંધી

# જન્મ-મરણના દાખલા માટે જિલ્લા પંચાયતના આરોગ્ય અધિકારીની મંજૂરી લેવામાંથી મનપાને મળશે મુક્તિ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની જન્મ-મરણ શાખામાં દાખલો લેવા આવતા નાગરિકોને પડતી મુશ્કેલીઓમાં નજીકના દિવસોમાં જ મોટો ઘટાડો થાય તેવી શક્યતા છે. મનપા તંત્ર દ્વારા વર્ષ ૧૯૮૦ થી ૨૦૧૮ સુધીનો જન્મ-મરણનો ડેટા સેન્ટ્રલ ગવર્નમેન્ટના સર્વર પર ચડાવવા માટે સંપૂર્ણપણે તૈયાર કરી લેવામાં આવ્યો છે. દિલ્હીથી આ અંગેની આખરી મંજૂરી મળતાં જ ડેટા અપલોડ થઈ જશે, જેના પરિણામે ગત તા. ૮ જૂનથી શરૂ થયેલી જિલ્લા પંચાયતના મુખ્ય આરોગ્ય અધિકારીની એપ્રુવલ લેવાની પ્રથામાંથી મુક્તિ મળશે. આ પ્રક્રિયા સુગમ બનતા કામગીરી ઝડપી થશે અને અરજદારોના સમયની બચત થશે.



તસવીરઃ હિરેન ગાંધી

હાલની વ્યવસ્થા મુજબ, વર્ષ ૨૦૧૯ પહેલાના જન્મ કે મૃત્યુના કિસ્સામાં અરજીની વિગતો ઓનલાઈન જિલ્લા પંચાયતના આરોગ્ય અધિકારી પાસે ચકાસણી અને મંજૂરી અર્થે મોકલવી પડે છે. દરરોજ ૧૫૦થી વધુ અરજીઓ સામે માત્ર એક જ આઈડીથી વેરિફિકેશન થતું હોવાથી નાગરિકોને ૮થી ૧૦ દિવસનું વેઈટિંગ સહન કરવું પડતું હતું. પરંતુ હવે ૧૯૮૦થી ૨૦૧૮ સુધીનો તમામ રેકોર્ડ કેન્દ્ર સરકારના સર્વર પર અપલોડ થઈ જતાં, ૧૯૮૦થી ૨૦૨૬ સુધીના તમામ દાખલાઓ માટે જિલ્લા પંચાયતના આરોગ્ય અધિકારીની મંજૂરીની જરૂર રહેશે નહીં. આગામી ૮થી ૧૦ દિવસમાં નવી સિસ્ટમ કાર્યરત થતાં નાગરિકોને મોટી રાહત મળશે.

# જાડા દ્વારા મુસદ્દારૂપ વિકાસ નકશામાં ૧૦ ગામનો સમાવેશ

## ૬૦ દિવસમાં વાંધા સૂચનો રજૂ કરવા અસરગ્રસ્ત ગામના લોકોને અપીલઃ ગઈકાલે ૨૦૪૭ને ધ્યાનમાં રાખીને કરાઈ મુસદ્દાની પ્રસિદ્ધિ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર એરિયા ડેવલપમેન્ટ ઓથોરીટી (જાડા) દ્વારા વર્ષ ૨૦૪૭ને ધ્યાનમાં રાખીને નવો મુસદ્દારૂપ વિકાસ નકશો પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ નવા નકશામાં ખંભાળિયા રોડ પર આવેલા વસઈ, આમરા, લાખાબાવળ, મસીતીયા, જીવાપર, દોઢીયા, બાલંભડી, ચાંપાબેરાજા, વાવ બેરાજા અને ગાડુકા મળીને જામનગર તાલુકાના ૧૦ ગામોનો 'જાડા'ના ક્ષેત્રફળમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ નવો વિકાસ નકશો સાત રસ્તા સ્થિત 'જાડા'ની કચેરી ખાતે મૂકવામાં આવ્યો છે. આ સાથે જ દ્વારકા જિલ્લામાં સમાવિષ્ટ થયેલા વાડીનાર ગામને હવે 'જાડા'ની યાદીમાંથી બાકાત કરવામાં આવ્યું છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ તથા નિયમો-૧૯૭૯ અનુસાર ગઈકાલે તા. ૨૦/૯/૨૦૨૬થી પબ્લિક નોટિસ જાહેર કરીને બે માસ (૬૦ દિવસ)નો સમય આપવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન જે તે ગ્રામજનો કે નાગરિકો નકશો જોઈ શકશે અને પોતાની અરજી કે વાંધા-સૂચનો નિયમાનુસાર રજૂ કરી શકશે. શહેરના ગ્રોથ અને ભવિષ્યના વિકાસને ધ્યાનમાં રાખીને 'જાડા' દ્વારા આ આગોતરો નકશો તૈયાર કરાયો છે.

# જામનગરમાં જર્જરીત યુરીનલ તોડી પડાયું



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર શહેરના ગીચ ગણાતા રણજિત રોડ પર આવેલ ખાદી ભંડાર પાસેની જૂની અને જર્જરિત મૂતરડીને તોડી પાડવામાં આવી છે. આ વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા અને નાગરિકોને સુવિધા પૂરી પાડવાના હેતુથી આ જૂની મૂતરડી હટાવી ત્યાં નવીન અને આધુનિક પે એન્ડ યુઝ શૌચાલય બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે. જેના ભાગરૂપે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# ખંભાળિયામાં પશુ દ્વારા વધુ એક અકસ્માતમાં મહિલાનો ભોગ

## રીક્ષા આડે નંદી ઉતરતા અકસ્માતમાં મહિલાનું મૃત્યુઃ દ્વારકા નજીક ડમ્પરની ઠોકરે બાઈક સવાર પ્રૌઢ ઈજાગ્રસ્ત

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયામાં ઘી ડેમ રોડ ઉપર આવેલી ગોકુળ રેસીડેન્સી - ૨ ખાતે રહેતા અનસુયાબેન રમેશભાઈ ધોકિયા નામના ૪૪ વર્ષના મહિલા શનિવારે રિક્ષામાં બેસીને જઈ રહ્યા હતા, ત્યારે તેમના રીક્ષા અને એકાએક ખૂંટિયો ઉતરી આવતા અનસુયાબેન રીક્ષામાંથી નીચે પટકાઈ પડ્યા હતા. જેના કારણે તેમનું ઇજાગ્રસ્ત હાલતમાં મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ સાગર રમેશભાઈ ધોકિયાએ અહીંની પોલીસને કરી છે.

દ્વારકા તાલુકાના પાડલી ગામના વાડી વિસ્તારમાં રહેતા જેઠાભાઈ દેવાભાઈ વાઘેલા નામના ૫૬ વર્ષના પ્રૌઢ ગત તારીખ ૧૪ ના રોજ તેમના મોટરસાયકલ પર બેસીને જઈ રહ્યા હતા. ત્યારે દ્વારકામાં રબારી ગેઈટ પાસે આવેલા એક પેટ્રોલ પંપ પાસેથી પેટ્રોલ પુરાવીને નીકળતા આ માર્ગ પર પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા જી.જે. ૩૭ વી ૮૮૮૧ નંબરના એક ડમ્પરના ચાલકે જેઠાભાઈ વાઘેલાના મોટરસાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. જેના કારણે તેમને ફ્રેક્ચર સહિતની નાની-મોટી ઈજાઓ સાથે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી.આ બનાવ અંગે દ્વારકા પોલીસે ડમ્પરના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરી હતી.

# ચેલા નજીક ખાનગી બસ અને કાર વચ્ચે અકસ્માત



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર-લાલપુર હાઈવે પર દરેડ ગામથી આગળ અને ચેલા ગામ નજીક એક ખાનગી બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં અચાનક બનેલી ટક્કરને કારણે કાર અને ખાનગી બસ બંને રસ્તાની વચ્ચે આવેલા ડિવાઈડર ઉપર ચઢી ગયા હતા.

અકસ્માતના આ બનાવમાં કાર અને બસમાં સવાર અમુક મુસાફરોને સામાન્ય ઈજા પહોંચી હતી, પરંતુ સદ્ભાગ્યે કોઈને પણ ગંભીર કે મોટી ઈજા ન પહોંચતાં મોટી જાનહાની ટળી હતી અને મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. મોડી રાત સુધી આ ઘટના અંગે પોલીસ મથકમાં કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નહોતી.

જોકે, વાહનો ડિવાઈડર પર ચડી જવાના કારણે હાઈવેના સુંદરતા વધારવા અને સુશોભન માટે ડિવાઈડરની વચ્ચે તાજેતરમાં જ મુકવામાં આવેલા પ્લાસ્ટિકની ગ્રીનરીનો કચ્ચરઘાણ નિકળી ગયો હતો. બનાવને પગલે થોડીવાર માટે હાઈવે પર ટ્રાફિક પ્રભાવિત થયો હતો.

# કચરા ગાડીમાં જ કચરો આપવા અંગે મહાનગરપાલિકાએ કડક નિયમ બનાવ્યા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં જાહેર આરોગ્ય, સ્વચ્છતા અને સુખાકારી જાળવવાના ઉદ્દેશથી દૈનિક ધોરણે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી સઘન રીતે ચલાવવામાં આવી રહી છે. શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા માટે મહાનગરપાલિકા તંત્ર દ્વારા તમામ શહેરીજનોને અપીલ કરવામાં આવી છે કે, રહેણાંક તેમજ કોમર્શિયલ એકમોના કચરાને યોગ્ય રીતે ડસ્ટબીનમાં એકત્રિત કરી માત્ર મહાનગરપાલિકાના કચરા સંગ્રહ કરતા નિયત વાહનોમાં જ આપવો. આ ઉપરાંત શહેરમાં જાહેરમાં કચરો ફેંકવાના પોઇન્ટ સંપૂર્ણપણે નાબૂદ કરવાનું વિશેષ અભિયાન પણ હાથ ધરવામાં



તસવીરઃ હિરેન ગાંધી

આવ્યું છે. શહેરની સ્વચ્છતા સુનિશ્ચિત કરવા માટે મહાનગરપાલિકાએ ગઈકાલે કડક દિશા-નિર્દેશો જાહેર કર્યા છે. કોઈપણ નાગરિક કે વેપારીએ પોતાના રહેણાંક અથવા કોમર્શિયલ એકમોનો કચરો જાહેરમાં, ખુલ્લા પ્લોટમાં કે ઓપન કચરા પોઇન્ટ પર ફેંકવા પર પૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ ઉપરાંત, ઘરોમાંથી નીકળતો એંઠવાડ રસ્તા પર કૂતરા કે અન્ય પશુઓને ખવડાવવાના બહાને ખુલ્લામાં નાખવા પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે, કારણ કે આવી પ્રવૃત્તિથી ગંદકી ફેલાય છે અને જાહેર આરોગ્ય સામે ગંભીર જોખમ ઊભું થાય છે.

તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ

અનુ પાના નં.૨ પર

# ખંભાળિયાના શિરેશ્વર લોકમેળામાંથી બે બાઈકની ઉઠાંતરી-કાયદાથી સંઘર્ષિત બે કિશોરો ઝડપાયા

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં તાજેતરમાં ચાર દિવસીય લોકમેળાના આયોજનો થયા હતા. જેમાં સમયાંતરે બે મોટરસાયકલની ચોરી થયાના બનાવ પોલીસ ચોપડે નોંધાયા હતા. કુલ રૂપિયા ૪૦,૦૦૦ની કિંમતના બે સ્પ્લેન્ડર મોટરસાયકલની ઉઠાંતરી અંગેના આ બનાવ અંગે સંદર્ભે અહીંના જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ ડીવાયએસપી મીત રુદલાલના માર્ગદર્શન હેઠળ અહીંના પી.આઈ. સી.આર. રાણા તેમજ તેમની ટીમ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને ખંભાળિયા પોલીસ મથકના પી.એસ.આઈ. જે.ટી. ચાવડા તેમજ સ્ટાફ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ખંભાળિયા - સલાયા માર્ગ પર હરીપર રોડ વિસ્તારમાં સ્પોટર્સ સંકુલ પાસેથી બે મોટરસાયકલ લઈને નીકળેલા બે શખ્સોને અટકાવીને પૂછપરછ કરતા ઉપરોક્ત ચોરીના બે મોટરસાયકલ અંગેનો ભેદ ખુલવા પામ્યો હતો.

પોલીસની પૂછતાછમાં આ બંને શખ્સો કાયદાથી સંઘર્ષિત કિશોર હોવાનું જણાતા પોલીસે તે બંનેના વાલીઓને બોલાવી, કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ સમગ્ર કાર્યવાહી અહીંના પી.આઈ. સી.આર. રાણા, પી.એસ.આઈ. જે.ટી. ચાવડા, હેમતભાઈ નંદાણીયા, હરપાલસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ નટુભા જાડેજા વિગેરેની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# ભાણવડ પંથકમાં મેઘમહેર ધોધમાર બે ઈંચ વરસાદથી ખુશીનો માહોલઃ ખંભાળિયા સહિત જિલ્લામાં ઝાપટા

**સમય સંદેશઃ ભાણવડ**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચોમાસાની ઋતુની વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે, તે વચ્ચે ગઈકાલે રવિવારે દિવસ દરમિયાન જિલ્લાભરમાં વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો. ભાણવડ તાલુકામાં ગઈકાલે બપોર બાદ વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને સાંજે આશરે પાંચ વાગ્યાથી ધોધમાર વરસાદ શરૂ થયો હતો. રાત્રિ સુધીમાં ભાણવડ પંથકમાં ૪૯ મી.મી. (બે ઈંચ) જેટલો નોંધપાત્ર વરસાદ વરસી જતાં ઠેર ઠેર પાણી વહી નીકળ્યા હતા. વાવણી બાદ વરસાદની ખેંચ અનુભવાઈ રહી હતી ત્યારે ગઈકાલે થયેલા આ સચરાચર વરસાદથી મુરઝાતી મોલાતને જીવતદાન મળ્યું હતું, જેને પગલે ખેડૂતોમાં ભારે ખુશીની લહેર વ્યાપી ગઈ હતી.

આ ઉપરાંત ખંભાળિયા તાલુકાના વિવિધ વિસ્તારોમાં પણ

અનુ પાના નં.૨ પર

# ખંભાળીયા તથા ભાણવડ તાલુકામાં હંગામી ધોરણે ફટાકડાનું લાયસન્સ મેળવવા ૯ ઓકટો. સુધીમાં અરજી કરવાની રહેશે

**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા અને ભાણવડ તાલુકામાં આગામી દિવાળીના તહેવાર દરમિયાન હંગામી ધોરણે ફટાકડાનું વેચાણ કરવા ઈચ્છતા લોકોને એક યાદીમાં જણાવાયું છે કે, હંગામી ધોરણે ફટાકડા વેચાણનું લાયસન્સ મેળવવા માટે નિયત નમૂનામાં જરૂરી તમામ આધાર-પુરાવા સાથેની અરજી તા. ૯ ઓક્ટોબર સુધીમાં ખંભાળિયામાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી કચેરી ખાતે કરવાની રહેશે. નિયત મુદત બાદ મળેલી અરજીઓ કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં તેમજ ત્યાર બાદ કરવામાં આવતી કોઈપણ રજૂઆતને ધ્યાને લેવામાં આવશે નહીં તેમ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં મેઘનાદ બાદ ગુંજ્યો નમો નાદઃ વરસાદ છતા હજારોની હાજરી






**સમય સંદેશઃ જામનગર**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે હાલારના સાંસદ પૂનમબેન માડમ દ્વારા ગઈકાલે રાત્રે જામનગરના પ્રદર્શન મેદાન ખાતે 'નમો નાદ' ભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જાણીતા કલાકારો ઈશાની દવે, હાર્દિક દવે અને રાજ ગઢવીએ ભજન તથા સંગીતની રમઝટ બોલાવી હતી, જેના તાલે સમગ્ર પ્રદર્શન મેદાન ગુંજી ઊઠયું હતું. કાર્યક્રમ દરમિયાન વરસાદી માહોલ હોવા છતાં જામનગરવાસીઓએ શાનદાર પ્રતિસાદ આપ્યો હતો. કાર્યક્રમ અગાઉ વરસાદ વરસતા સાંસદે લાગણીસભર શબ્દોમાં જણાવ્યું હતું કે, હું આયોજન કરું અને વરસાદ આવે તો


તસવીરઃ હિરેન ગાંધી

આવા ૧૦૦ આયોજન કુરબાન છે. મેઘરાજાની પધરામણી છતાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા લોકોનો તેમણે આભાર માન્યો હતો.

આ ભક્તિસભર સંગીત સંધ્યા દરમિયાન સાંસદ પૂનમબેન માડમ પોતે પણ લોકોની વચ્ચે ઉતરી ભજનના તાલે જોડાયા હતા. ખાસ કરીને જામનગરના યુવાવર્ગમાં (ઝેન-ઝી) ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સાંસદે યુવાનો વચ્ચે જઈને તેમની સાથે વાતચીત કરી હતી, ભજનના તાલે ઝૂમ્યા હતા અને અનેક યુવાઓ સાથે આનંદભેર સેલ્ફી પણ લીધી હતી. સાંસદને આ રીતે પોતાની સાથે સરળતાથી ભળતા જોઈને ઉપસ્થિત શ્રોતાઓ અને યુવાનોએ તાળીઓના ગડગડાટથી વાતાવરણને ગુંજવી મૂક્યું હતું.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો શંખનાદઃ ભાડથર બેઠક અને ઓખા નગરપાલિકામાં રાજકીય ગરમાવો, ૧૧ ઓક્ટોબરે મતદાન

## ભાજપ દ્વારા ચૂંટણી પ્રભારીઓ અને ઇન્ચાર્જોની નિમણૂક, 'આપ' દ્વારા ભાડથર બેઠક પર ખેડૂત નેતા વીરૂ કંડોરિયાની ઉમેદવારી જાહેર

**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણીઓ માટે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા અધિકૃત જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત ખંભાળિયા તાલુકાની ભાનગઢ/ભાડથર જિલ્લા પંચાયત બેઠકની પેટા ચૂંટણી અને 'અ' વર્ગની ઓખા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર થયો છે. પંચના પરિપત્ર મુજબ ગઈકાલે તા. ૨૧ સપ્ટેમ્બરે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૬ સપ્ટેમ્બર, ચકાસણી તા. ૨૮ અને ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ ૨૯ સપ્ટેમ્બર રહેશે. જ્યારે તા. ૧૧ ઓક્ટોબર (રવિવાર)ના રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. જરૂર જણાયે પુનઃ મતદાન તા. ૧૨ અને મતગણતરી તા. ૧૩ ઓક્ટોબરે હાથ ધરાશે. જાહેરાત સાથે જ તમામ સંબંધિત વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલી બની ગઈ છે. ચૂંટણી જાહેર થતાં જ આમ આદમી પાર્ટી (આપ) દ્વારા ભાડથર જિલ્લા પંચાયત બેઠક માટે ખેડૂત નેતા વીરૂભાઈ કંડોરિયાના નામની સર્વાનુમતે ઉમેદવાર તરીકે જાહેરાત કરવામાં આવી છે. 'આપ' દ્વારા આ ચૂંટણીને ખેડૂતોના મુદ્દા પર લડવાનો સૂર વ્યક્ત કરાયો છે અને પશુપાલન માટે ઘાસચારો, દુષ્કાળ, ગ્રામીણ રસ્તા, શિક્ષણ, આરોગ્ય અને મોંઘવારી જેવા સ્થાનિક મુદ્દો બનાવવાની તૈયારી દર્શાવાઈ છે.

બીજી તરફ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા પણ ચૂંટણી સંચાલન માટે હોદ્દેદારોની નિમણૂક કરાઈ છે. ઓખા નગરપાલિકાના પ્રભારી તરીકે જામનગરના પૂર્વ શહેર મહામંત્રી ધર્મરાજસિંહ જાડેજા, સંયોજક તરીકે જામનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ પાલાભાઈ કરમુર અને સહ-સંયોજક તરીકે સહદેવસિંહ માણેકની વર્ણી કરાઈ છે. જ્યારે ભાડથર બેઠકના ઇન્ચાર્જ તરીકે કશ્યપભાઈ આહીરને જવાબદારી સોંપાઈ છે. ભાજપ દ્વારા તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે ઓખાના લોહાણા મહાજન વાડી ખાતે ઓખા નગરપાલિકા માટે અને સાંજે ૫ થી ૫:૩૦ દરમિયાન ખંભાળિયા ભાજપ કાર્યાલય 'દ્વારકેશ કમલમ' ખાતે ભાડથર બેઠક માટે દાવેદારોની સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# ખંભાળિયાના ખામનાથ પાર્કમાં ધમધમતા જુગારના અખાડામાંથી છ શખ્સો ઝડપાયા

## ભોગાત ગામેથી જુગાર રમતા મહિલાઓ સહિત ચાર ઝબ્બે



**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના પોરબંદર રોડ ઉપર આવેલા ખામનાથ પાર્ક ૨ વિસ્તારમાં રહેતા મૂળજી ઉર્ફે મુકેશ નારણભાઈ જોડ નામના ૪૬ વર્ષના શખ્સના રહેણાંક મકાનમાં જુગારનો અખાડો ચાલતો હોવાની બાતમી એલ.સી.બી. પોલીસને મળતા આ સ્થળેથી એલસીબીની ટીમે જુગાર દરોડો પાડ્યો હતો.

આ સ્થળેથી પોલીસે મુળજી ઉર્ફે મુકેશ નારણભાઈ, હિરેન દેવાભાઈ વઘોરા, વિનુ ખીમાભાઈ જોડ, કનુ ભીખુભાઈ ગોહિલ દીપક

અનુ પાના નં.૨ પર

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાંચ સ્થળોએ જુગાર દરોડામાં ૨૭ ઝડપાયા

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસે ગઈકાલે રવિવારે વિવિધ સ્થળોએ દરોડા પાડીને જુગાર રમતા કુલ ૨૭ શખ્સોને ઝડપી પાડ્યા હતા. દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા પ્રફુલસિંહ જાડેજા, પ્રવિણસિંહ જાડેજા, અર્જુનસિંહ જાડેજા અને સંજયસિંહ જાડેજાને ઝડપી લીધા હતા. પોલીસે તેમની પાસેથી રૂ. ૩૦,૫૦૦ની રોકડ, રૂ. ૪૦,૦૦૦ની કિંમતના ચાર મોબાઈલ અને રૂ. ૨૦,૦૦૦નું એક બાઈક મળી કુલ ૯૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

કલ્યાણપુર પોલીસે હડમતીયા ગામે નદીના કાંઠે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી રહેલા પાલા આંબલીયા, રાજશી આંબલીયા, જેઠા વરુ, નિતેશ લગારીયા, વજસી આંબલીયા, કરશન વરુ, નિલેશ વરુ અને રામ લુવાને ઝડપી પાડી રૂ. ૫૨,૨૦૦ની રોકડ, ત્રણ મોબાઈલ તથા ચાર મોટરસાયકલ મળી કુલ રૂ. ૧,૨૫,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત ભાણવડ પોલીસે ફોટડી ગામની સીમમાંથી હેમત બેરા, કરસન બેરા, કેશુ બેરા, લાખા બેરા, અશોક વાઢીયા અને પબા ગાગીયાને ઝડપી રૂ. ૧,૦૭,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો, તથા શિવા ગામમાંથી પ્રવીણ જોગલ અને સેજા મકવાણાને રૂ. ૨,૪૮૦ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. જ્યારે મીઠાપુર પોલીસે ભીમરાણા ગામેથી જીણા ચૌહાણ, ધનજી વાઘેલા, બાબુ ચૌહાણ, છગન ચૌહાણ, લખમણ ચૌહાણ, અજય ચૌહાણ અને શરીફાબેન મકવાણાને ઝડપી લઈને રૂ. ૨૦,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# કેશોદની ખાનગી હોસ્પિટલમાં ડોક્ટરની કથિત બેદરકારીથી પ્રસુતાનું મોતઃ બેડ પર જ થઈ ડિલેવરી

## પીડા ઉપડવા છતાં ગાયનેક ડોક્ટર ન આવતા મહિલા બેભાન થઈ અને બાદમાં મોત નીપજ્યું, પરિવારજનોનો ભારે હોબાળો




**સમય સંદેશઃ કેશોદ**
**(શોભના બાલસ)**



કેશોદ શહેરના ગંગનાથપરા વિસ્તારમાં રહેતા ભાવિષાબેન યોગેશભાઈ બાલસ સગર્ભા હોવાથી તેમને ડિલેવરી માટે કેશોદની જીવનદીપ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દરમિયાન ગઈકાલે પ્રસુતાને અચાનક ઉપડેલી પીડા બાદ ગાયનેક ડોક્ટરને તાત્કાલિક બોલાવવા છતાં તેઓએ દરકાર ન લેતા ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. સમયસર તબીબી સારવાર ન મળતા ગર્ભવતી મહિલાની બેડ પર જ ડિલેવરી થઈ ગઈ હતી અને તેમણે બાળકને જન્મ આપ્યો હતો.

બાળકના જન્મ બાદ મહિલા અચાનક બેભાન અવસ્થામાં સરી પડતા પરિવારજનોમાં અફરાતફરી મચી ગઈ હતી. ગભરાયેલા પરિવારે તાત્કાલિક ડોક્ટરને બોલાવતા તેમણે મહિલાને સીપીઆર (ઈડછ) આપી કુત્રિમ શ્વાસોશ્વાસ આપવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તબીબોની તમામ કોશિશો છતાં બાળકની માતાને બચાવી શકાયા નહોતા. આ બનાવના પગલે ખાનગી હોસ્પિટલમાં મૃતક મહિલાના પરિવારજનોએ ડોક્ટરની ઘોર બેદરકારીનો આક્ષેપ કરીને ભારે હોબાળો મચાવ્યો હતો. હોસ્પિટલમાં ગરમાયેલા માહોલની જાણ થતાં જ કેશોદ પોલીસની ટીમ સ્થળ પર દોડી આવી હતી અને પરિસ્થિતિ થાળે પાડીને ધોરણસરની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

કેશોદની ખાનગી હોસ્પિટલમાં મહિલાનું કમકમાટીભર્યું મોત નીપજતાં સમગ્ર પરિવાર શોકમગ્ન સ્થિતિમાં મુકાઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે મૃતક ભાવિષાબેનને અગાઉ બે દીકરીઓ છે, જ્યારે ગઈકાલે ત્રીજા બાળક તરીકે ઘરમાં દીકરાનો જન્મ થયો છે. પરંતુ અરેરાટી ઉપજાવે તેવી બાબત એ છે કે નવજાત દીકરાનું મોઢું જોવા માટે તેની સગી માતા જ દુનિયામાં હયાત રહી નથી, જેનાથી વિસ્તારમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે.

# સાયબર ફ્રોડના ગુન્હામાં એક વર્ષથી ફરાર આરોપી ભિવંડીથી પકડાયો

## રાજકોટ પંથકમાં નોંધાયેલ વિશ્વાસઘાતના ગુન્હામાં આરોપીની જામનગરમાંથી ધરપકડ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં ફરાર આરોપીઓને પકડી પાડવા માટે ચલાવવામાં આવી રહેલી ખાસ ઝુંબેશ અંતર્ગત પોલીસે જુદા જુદા બે કેસમાં લાંબા સમયથી નાસતા-ફરતા શખ્સોને પકડી પાડવામાં સફળતા મેળવી છે. કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં નોંધાયેલા સાયબર ફ્રોડના ગુનામાં છેલ્લા એક વર્ષથી પોલીસ ચોપડે ફરાર રહેલા આરોપીને ટેકનીકલ એનાલીસીસના આધારે પોલીસે તેના વતન મહારાષ્ટ્રના ભીંવડી ખાતેથી ઝડપી લીધો હતો. આ ઉપરાંત, રાજકોટ પંથકમાં નોંધાયેલા વિશ્વાસઘાતના ગુનામાં પણ લાંબા સમયથી ફરાર એક આરોપી જામનગર નજીકથી પકડાઈ ગયો છે.

ગત વર્ષે કાલાવડના નિકાવા ગામના એક ફરિયાદી સાથે ₹૫૦ હજારની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ સાયબર ફ્રોડ મામલે ગુનો નોંધાયા બાદ આરોપી અક્ષય તુકારામભાઇ હેન્દ્ર (રહે. ભીંવડી, જી. થાણે, મહારાષ્ટ્ર) પોતાની ઓળખ છુપાવીને પોલીસ પકડથી બચવા હોશિયારીપૂર્વક ભાગતો ફરતો હતો. રાજકોટ રેન્જની ટેકનીકલ ટીમે આ અંગે ઊંડાણપૂર્વક અભ્યાસ અને વર્કઆઉટ કરીને આરોપીની ચોક્કસ માહિતી મેળવી હતી. જેના આધારે જામનગર પોલીસની ટીમે મહારાષ્ટ્ર ખાતે તપાસ લંબાવી હતી અને બે દિવસની મહેનત બાદ આરોપીને ભીંવડી તાલુકા પોલીસ સ્ટેશનથી હસ્તગત કરી જામનગર લાવ્યા પછી આગળની કાર્યવાહી અર્થે કાલાવડ પોલીસને સોંપ્યો હતો.

બીજા બનાવમાં, જામનગરના પંચકોશી એ ડિવિઝન પોલીસે રાજકોટ તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા વિશ્વાસઘાતના ગુનામાં લાંબા સમયથી નાસતા-ફરતા આરોપી મીલન પ્રવિણભાઈ અગ્રાવત (રહે. ખીજડિયા, તા. જામનગર)ને ઝડપી લીધો હતો. ગુનો નોંધાયા બાદ આરોપી પોલીસને હાથતાળી આપીને ફરાર થઈ ગયો હતો. ગઈકાલે આરોપી મીલન ખીજડિયા ગામના પાટિયા પાસે ઊભો હોવાની ચોક્કસ માહિતી મળતા જ પોલીસે તાત્કાલિક સ્થળ પર દોડી જઈ તેની અટકાયત કરી હતી. પકડાયેલા આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે સંબંધિત પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

# જામનગરમાં ટ્રાફિક નિયમના ભંગ બદલ ૨૫ વાહન ડિટેઈન



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ભરબજારે થતાં ટ્રાફિક નિયમના ભંગ મામલે પોલીસે વધૂ એક વખત લાલ આંખ કરી છે. નિયમભંગ મામલે સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઇવ યોજી કશુરવારો સામે દંડાત્મક કાર્યવાહી કરીને નિયમનું ભાન કરાવવામાં આવ્યું હતું.

જામનગર એસપી ડો. રવિ મોહન સૈનીની સૂચનાથી સ્ટાફ દ્વારા ડ્રાઇવ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં શંકાસ્પદ વાહનોની ચકાસણી હાથ ધરી હતી. જેમાં નંબર પ્લેટ વગરના તથા લાયસન્સ, આરસી બુક સહિતના જરૂરી દસ્તાવેજો વિના અનેક વાહન ચાલકો પોલીસ ઝપટે ચડયા હતા. આવા વાહનચાલકો સામે કાર્યવાહી કરી પોલીસ દ્વારા ૨૫ વાહનો ડીટેઇન કરવામાં આવી હતી.

આ કામગીરીમાં પીઆઇ એન.બી. સીટી બી ડિવિઝન પોલીસના સર્વેલન્સ પીએસઆઈ એમ.એચ. મહેતા, હનુમાન ગેટ ચોકીના પીએસઆઈ જે.એસ. ગોવાણી સહિતનો સ્ટાફ જોડાયો હતો.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com